મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૪ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં કાળઝાળ ગરમીનો પ્રારંભ : પારો ૪૧ ડિગ્રી

છેલ્લા બે દિવસથી તબક્કાવાર મહત્તમ તાપમાન વધીને ૪૧ ડિગ્રીએ પહોંચ્યું : આકરો બનતો તડકો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં આકરા ઉનાળાનો પ્રારંભ થઈ ચુકયો છે. મહત્તામ તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓ ભયંકર ગરમીનો અહેસાસ કરી રહ્યા છે.

એપ્રિલ માસના અંતિમ દિવસોમાં ગરમીએ જાણે માઝા મુકી છે. છેલ્લા કેટલાય દિવસોથી આમ તો ગરમી વધી રહી હતી પરંતુ પારો ૪૦ ડિગ્રીએ અટકી જતો હતો.ગઈકાલે વાતાવરણમાં સહેજ ફેરફાર આવ્યો હતો અને આકાશમાં વાદળો ઘેરાયા હતા. જો કે સાંજે વાદળો વીખેરાઈ જતાં પુનઃ ગરમી વધવા માંડી છે. આજે સવારથી જ સૂર્યના કિરણો આકરા બનવા લાગ્યા હતા. સવારે નવ વાગ્યે જ તડકો તપવા માંડયો હતો અને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું હતું. જો કે હાલમાં લૉકડાઉનનો સમય હોઈ મોટાભાગના વસાહતીઓએ ગરમીમાં અકારણ ઘરની બહાર નીકળવાના બદલે ઘરમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. ઘરની બારી બારણાં આખો દિવસ બંધ રાખી વસાહતીઓએ ઘરના કામકાજમાં દિવસ પસાર કર્યો હતો. તો બાળકોએ ઈન્ડોર ગેમ્સ રમી ગરમીને મ્હાત આપી હતી. એસી અને કુલર હવે ફૂલ ફલેજમાં ચાલુ થઈ ગયા છે. ઘરમાં રહીને ઠંડી હવા ખાવાનો વસાહતીઓએ આનંદ માણ્યો હતો. જો કે ઠંડક પહોંચાડતા શેરડીના રસના કોલા અને અન્ય ઠંડા પીણાનું વેચાણ હાલમાં લૉકડાઉનના કારણે બંધ હોઈ વસાહતીઓએ ઘરમાં જ જાતભાતના ઠંડા પીણાં બનાવવાનો પ્રયોગ કર્યો હતો. આઈસક્રીમ અને કોલ્ડ્રીંકસ પણ બંધ હોઈ ઘરમાં જ બનાવ્યા હતા. એપ્રિલ માસના છેલ્લા અઠવાડિયામાં હજુ આવી જ ગરમી પડશે. મહત્તામ તાપમાન હજુ ઉંચકાઈ શકવાની આગાહી વ્યકત કરવામાં આવી છે. લઘુત્તમ તાપમાન પણ ૨૮ ડિગ્રી જેટલું રહેતા રાત્રે પણ ભારે બફારો અનુભવાયો હતો.

સમગ્ર પૃથ્વી ત્રાહી ત્રાહી પોકારી રહી છે. મોટાભાગના દેશો એક અણદેખ્યા શત્રુ સામે લડાઈ લડી રહ્યા છે. ઉદ્યોગો અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ બંધ છે. વાહન વ્યવહાર પણ બંધ હોવાથી પ્રદૂષણનું સ્તર ખૂબ નીચું ગયું છે. આકાશ સ્વચ્છ થઈ ગયું છે અને નદીઓના પાણી શુધ્ધ થઈ રહ્યા છે. પ્રકૃતિ પોતાને સ્વચ્છ અને સ્વસ્થ કરવાની પ્રવૃત્તિમાં લાગી હોય તેવું લાગી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં પૃથ્વી દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે ઉનાળામાં હંમેશા મુલાકાતીઓની ચહલપહલથી ભર્યો ભર્યો રહેતો સ્વર્ણિમ પાર્ક સુમસામ લાગી રહ્યો છે. આ પણ પ્રકૃતિનું એક નવું જ સ્વરૂપ છે.

દેવાંશી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા નિયમિત ૨૦૦ જેટલા ફૂડ પેકેટનું વિતરણ

ફૂડ પેકેટ લેવામાં સંકોચ અનુભવતા પરિવારનો સર્વે કરીને અત્યાર સુધી ૯૦૦ કિટનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં કોરોના વાયરસના હાહાકાર વચ્ચે પણ માનવતાનું કાર્ય સતત ધબકતું રહ્યું છે. માનવતાના કાર્યમાં સહભાગી થવા માટે ગાંધીનગરની અનેક સંસ્થાઓ પોતાનું યોગદાન આપી રહી છે. ગાંધીનગરના સેકટર-૩માં આવેલી દેવાંશી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરના ૨૦૦ ગરીબ પરિવારોને ફૂડ પેકેટ અને અત્યાર સુધી ૧૫ કિલો વજનની એક કિટ એવી ૯૦૦ જેટલી કિટનું વિતરણ કરવામાં આવ્યું છે.

દેવાંશી એજ્યુકેશન ટ્રસ્ટનાશ્રી રજનીકાન્તભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, ગાંધીનગર સહિત દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ ઘટાડવા માટે દેશના વડાપ્રધાનશ્રીએ સમગ્ર દેશમાં લોક ડાઉનનું અમલીકરણ

તા.૨૪મી માર્ચથી કરાવ્યું હતું. જેના બે દિવસ બાદ અમે અમારી આ સેવાકીય પ્રવૃત્તિનો આરંભ કર્યો હતો. અમારા સેવાકીય કાર્યમાં અમે ૬૦ વ્યક્તિઓ સંકળાયેલા છે.

અમારા સેવાકીય કામના આરંભના પ્રથમ દિવસે અમે ગરીબ પરિવારોને ફૂડ પેકેટ આપવા માટે ગયા હતા. તે પછી અમે સર્વે કર્યો હતો કે કયાં વિસ્તારમાં સાચા જરૂરિયાતમંદો છે. એ વિસ્તારમાં અમે ફોકસ કર્યું હતું. અત્યાર સુધીમાં અમે આદિવાડા, સેકટર-૧૩ છાપરામાં ગરીબ પરિવાર વસવાટ કરે છે. ત્યાં જરૂરિયાત મંદ હોય તેમને આ અર્પણ કરી રહ્યાં છીએ. દરરોજના ૨૦૦ ફૂડ પેકેટ આવા પરિવારને આપી રહ્યાં છીએ.

તે ઉપરાંત અમુક પરિવારને ફૂડ પેકેટ આપવામાં અને તેમને લેવામાં સંકોચ અનુભવતા હતા. તેવા પરિવારો માટે અમે ૫ કિલોગ્રામ લોટ, ૫ કિલોગ્રામ ચોખા, ૧ કિલો દાળ, ૨૫૦ ગ્રામ ચા, ૧ કિલો ખાંડ, ૧ કિલો તેલ, મરચું, હળદર અને મીઠું તેમજ એક ન્હાવાનો સાબુ મળીને એક કિટ તૈયાર કરી છે. આવી ૯૦૦ જેટલી કિટનું વિતરણ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર અને અન્ય જગ્યાએ જરૂરિયાત મંદ પરિવારને આપી કરવામાં આવ્યું છે.

સરકાર દ્વારા મદદ મેળવવા ગાંધીનગર જિલ્લા મંડપ એસોસિએશનની માંગ

ગાંધીનગર, તા.૨૨

કોરોના વાઈરસના ફેલાવાને કારણે રાજયમાં ઘણા ફેરફાર થઈ રહ્યા છે સાથે ધંધા-રોજગારમાં પણ આ બાબતની અસર થઇ રહી છે. શહેર સંપૂર્ણ લોકડાઉન છે. ૩ મે એ લોકડાઉનન પુરું થવાની સંભાવના છે પરંતુ અમુક ધંધા-રોજગાર ઘણા સમય સુધી મંદીનો ભોગ બની શકે છે. આખા વર્ષમાં હવે જાહેર સભા કે પ્રસંગ યોજાવાની સંભાવના ઘણી ઓછી છે જેને કારણે મંડપ ડેકોરેશનનું કામ કરનાર વર્ગને આખું વર્ષ આની અસર રહેશે. ગુજરાત મંડપ એસોસિએશન જણાવી રહ્યું છે કે, તેઓ આ સમયે આર્થિક ભીંસ ભોગવી રહ્યા છે સરકારે દરેક વર્ગને ધ્યાનમાં લેવા જોઈએ. વધુમાં ગાંધીનગર મંડપ એસોસિએશનના પ્રમુખ નરેશ દવે આ બાબતે જણાવે છે કે, હાલ સમગ્ર વિશ્વમાં મહામારી ચાલી રહી છે. જેને કારણે ગુજરાતમાં પણ તા ૨૪ માર્ચ થી તા ૩મે સુધી લોકડાઉન રહશે. જેના કારણે ગુજરાત મંડપ એશોસિએશન અને અહી કામ કરતો વર્ગ ભીંસ ભોગવી રહ્યા છે. સરકારની કામગીરી આવકરનીય છે તેઓ દ્વારા દરેક વર્ગને ધ્યાનમાં લેવાય જ છે. હાલ મંડપ ડેકોરેટર્સ, કેટરર્સ લાઈટ, સાઉન્ડ તથા ફલાવરીસ્ટ, ઈવેન્ટસ વ્યવસાય સાથે જોડાયેલા તમામ વર્ગના લોકોને ઘણી તકલીફ પડી રહી છે અને આવનાર સમયમાં વધુ તકલીફ પડી શકે છે.

અત્યારથી દિવાળી સુધીમાં અમને કામ નહી મળે. જેથી આ કામ સાથે જોડાયેલા વર્ગને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડશે. હાલના સંજોગોમાં લગ્ન પ્રસંગ તથા ઘણા બધા ફંકશન રદ કરેલ છે જેથી ગ્રાહક વર્ગ તથા વેપારી વર્ગ ને બન્ને પક્ષે આર્થીક નુકશાન ભોગવવું પડી રહ્યું છે.

આ સમયે સરકાર દ્વારા અમને મદદ મળે તેવી અમારી માંગ છે. સમાજના સરકારના તમામ સમારોહ અમારા સંગઠન દ્વારા જ થાય છે તો એને ધ્યાનમાં લઈ ને પણ સરકાર દ્વારા અમારા વર્ગ ને બેંકોમાં રાહત, જી એસ ટી માં રાહત તથા સરકારી ટેકસમાં રાહત આપી વ્યવસાયને જીવંત રાખવાની કામગીરી થાય, ખાસ કરીને ગામ્ય વિસ્તારોમાં નાના વહેપારી અને લેબર વર્ગ ને ધ્યાને લઇ અસરકારક પગલા લેવાય અને સાથે એક પેકેજ આપવામાં આવે તેવી સમગ્ર ગુજરાતના આ કાર્ય સાથે જોડાયેલા વર્ગ વતી ગાંધીનગર જીલ્લા મંડપ એસોસીએશનની માંગ છે.

સેકટર-૯ પાસેથી એક યુવક દારૂની બોટલ સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના સ્ટાફને સેકટર-૯ ખાતે એપ્રોચ માર્ગ પર એક યુવક શંકાસ્પદ હાલતમાં ઉભો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર પહોંચીને યુવકને વિદેશી દારૂ સાથે પકડી પાડ્યો હતો. પોલીસે યુવકને તેનું નામ પુછતા તે સકેટર-૨૨ ખાતે રહેતો જગદીશ ધીરૂભાઈ મકવાણા (ઉં.૩૦ બ્લોક નં.૬૦-૧૦) હોવાનું સામે આવ્યું હતું. બનાવ સ્થળે ઉભા રહેવાનું કારણ પુછતા તેને સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી પોલીસે જી.જે.૨૩.આર.-૧૧૫૧ મોપેડની ડેકી ચેક કરતા અંદરથી ૩૦૦ મીલી તેમજ અન્ય એક પ્લાસ્ટીકની બોટલમાંથી ૫૦૦ મીલી વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી સેકટર-૭ પોલીસે ૫૫૦ મીલી કિંમતનો દારૂ અને ૨૦હજારની કિંમતનું મોપેડ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લૉકડાઉનમાં પણ બેંકીંગ ક્ષેત્રની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ કપરા સમયમાં લોકોને નાણાં અંગે કોઈ તકલીફ ન પડે તે માટે બેંકો દ્વારા ખૂબ જ શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી છે. બેંક ઓફ બરોડા, ગાંધીનગર ક્ષેત્ર દ્વારા બીએસએફ કેમ્પસ, ચિલોડા ખાતે એટીએમ વાન દ્વારા બેકીંગ સેવા નાગરિકોને આપવામાં આવી રહી છે.

ગેજીયા દ્વારા જરૂરીયાતમંદોને ૫૦૦ કરીયાણાની કીટનું વિતરણ

ગાંધીનગર ઈલેકટ્રોનીકસ ઝોન ઈન્ડરસ્ટ્રીઝ (ગેજીયા) કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લિ. વેલફેર ટ્રસ્ટના સંયુકત સહયોગથી ગાંધીનગર શહેરના જરૂરીયાતમંદ નાગરીકોને અનાજ-કરીયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગેજીયા દ્વારા ૫૦૦ થી વધુ કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. ગેજીયાના આગેવાનો દ્વારા શ્રમિક વિસ્તારમાં જઈને જરૂરીયાત નાગરીકોને કીટ વિતરણ કરાઈ છે. કોરોના અને લોકડાઉન વચ્ચે ગેજીયા દ્વારા કીટ વિતરણ કરીને માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે.

લૉકડાઉનમાં ઘરમાં ગુટખા વેચતા નાગરીક સહિત ૧૫ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૨૨

લૉકડાઉનમાં શહેરના માર્ગો સુમસામ છે. જીવનજરુરીયાતની ચીજવસ્તુ મેળવવા માટે માત્ર ઘરની બહાર નીકળે છે. ત્યારે જીવનજરુરીયાતની ચીજવસ્તુ પણ સવાર સાંજ નિયત કરેલા સમય પ્રમાણે મળે છે. ત્યારે ઘરમાં રહીને નાગરીકે ગુટખાનો વેપાર શરુ કરી દીધો હતો. હાલના સમયે પાન મસાલાના ભાવ આસમાનને આંબી રહ્યા છે. ત્યારે પોલીસને બાતમી મળી હતી કે સેકટર-૨૬ કિસાનનગર ખાતે એક વેપારી ગુટખાનો વેપાર કરે છે. ત્યારે પ્લોટ નં.૨૦૫-૨ ખાતે બારી પાસે બહારની બાજુએ એક શખ્સ ઉભો હતો. પોલીસની ગાડી આવતા જોઈને તે ભાગી ગયો હતો. ઘરની બહાર પટેલ પાન પાર્લર નામનુ કેબીન ઉભુ હતું. જેથી પોલીસે ઘરમાં તપાસ કરતા મહેશ ભલાભાઈ પટેલ (ઉં.૪૭) ને પુછતા તેણે પોતે ગુટખાનો વેપાર કરતા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે મસાલા-ગુટખાનો સામાન જપ્ત કરીને ગુનો નોંધ્યો હતો. તો બીજી તરફ ચંદ્રાલા સાદરા માર્ગ પર ઈલેકટ્રીક સામાનની દુકાન ખુલ્લી રાખીને બેસનાર મિનેશ કનુભાઈ મકવાણા (ચંદ્રાલા સુથારવાસ) સામે પણ કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે સેકટર-૭ બી ઘ-૨ કોર્નરથી ૧, સેકટર-૨૧ થી ૧, ચંદ્રલા ગામ પાછળના વાસમાંથી ૫, પેથાપુરથી ૨, કાનપુર ગામના ૩, અને સેકટર-૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાંથી ૧, શખ્સને બિનજરુરી રીતે ફરતા પકડી પાડી જાહેરનામા ભંગનો ગુનો દાખલ કર્યો છે.

નાના બાળકોના દાંતના મહિલા તબીબની અબોલ પશુ-પક્ષીઓ માટે ભોજન-સેવા

કુડાસણમાં રહેતા ડૉ. મયુરી યાદવ લૉકડાઉનમાં દરરોજ ગાય-કૂતરા અને પક્ષીઓને ખોરાક પુરો પાડે છે : અગાઉ એક ઘાયલ કબૂતર અને ગાયની સારવાર તેઓ કરાવી ચુક્યાં છે

ગાંધીનગર, તા. ૨૨

કોરોના વાયરસ મહામારીને પગલે સમગ્ર ગાંધીનગર વિસ્તારમાં લૉકડાઉનની સ્થિતિ છે. આ સ્થિતિમાં જરૂરિયાતમંદ વર્ગના શ્રમિકોને તો શહેરની અનેક સેવાભાવી સંસ્થાઓ તિથી ભોજન સેવા પૂરી પાડી રહી છે તે ઉપરાંત કેટલાક જીવદયા પ્રેમી નાગરિકો અબોલ જીવોનું પણ એટલું જ ધ્યાન રાખી રહ્યા છે. ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રહેતા અને રિલાયન્સ ચોકડી પાસે રાધે સ્કવેરમાં નાના બાળકોના દાંતની હોસ્પિટલ ચલાવતા મહિલા તબીબ ડૉ. મયુરી યાદવ દરરોજ સવારે તેમના રહેણાંકની આસપાસના વિસ્તારના શેરીના કૂતરાઓને ખવડાવવાની સેવા આપી રહ્યા છે આ ઉપરાંત તેઓ કબૂતર સહિતના પક્ષીઓ ચણ નિરવાનું સેવા કાર્ય પણ કરી રહ્યા છે.

ગાંધીનગરમાં જ્યારે લૉકડાઉનનો અમલ શરૂ થયો તેના ત્રણ-ચાર દિવસ બાદ ડૉ. મયુરી યાદવે જોયું કે પોતાના રહેણાંક વિસ્તારની આસપાસ શેરીમાં ફરતાં કૂતરાઓ જે

દરરોજ માનવીઓ દ્વારા આપવામાં આવતા ખોરાક પર નિર્ભર રહેતા હતા તેમને પણ ખોરાક ઓછો મળવાથી વિહવળ બની ખોરાકની શોધમાં આમતેમ ભટકી રહ્યા છે ત્યારથી તેમણે નક્કી કર્યું કે તેઓ દરરોજ આ કૂતરાઓને ખોરાક પીરસશે. પોતાના ઘરે પણ પાલતુ ડોગ હોવાને કારણે કૂતરાઓના બિહેવિયર વિશે તેમને અંદાજ આવતો હતો. કૂતરાઓ સાથે તેઓ તેમની સોસાયટી શુકન આઈ આસપાસ સુધી હરતી-ફરતી ગાયોને પણ ખોરાક આપવાનું કામ કરી રહ્યા છે. હવે તો ડૉ.મયુરી યાદવ રાત્રે જ પોતાના ઘરમાં ત્રણેક કિલો જેવો ભાત રાંધીને રાખે છે જેને સવારે ગાય તથા કૂતરાઓને પીરસવા માટે નીકળી પડે છે જે પોતાની સોસાયટીથી રિલાયન્સ ચોકડી થઈ ઘ-૨ સર્કલ અને સરગાસણ ચોકડી સુધીના વિસ્તારમાં ફરીને તમામ કૂતરા તથા ગાયોને ખવડાવે છે. આ સાથે અનેક જગ્યાએ નજીકમાં જ્યાં થોડી ઘણી પાણીની સગવડ હોય ત્યાં પક્ષીઓને ચણ પણ નીરવાનું કામ કરે છે.

થોડા સમય અગાઉ ડૉ.મયુરી યાદવે પોતાની સોસાયટીના કંપાઉન્ડમાં એક કબૂતરને ઘાયલ અવસ્થામાં જોયું હતું જેની કોઈ કારણસર ડોક મરડાઈ ગયેલી હતી. આ કબૂતરને તેમણે લગભગ એક મહિના સુધી પોતાના ઘરમાં રાખી તેની મમતાભરી માવજત કરવા સાથે તેની ખાનગી વેટરનરી તબીબ પાસે સારવાર કરાવી હતી તેમજ તે સંપૂર્ણ સાજું થઇ ગયા બાદ તેને ફરી ખુલ્લા ગગનમાં વિહરવા મુક્ત કરી દીધું હતું. આ ઉપરાંત ગત વર્ષે ચોમાસા દરમિયાન તેમણે પોતાની સોસાયટીની બહારના રોડ પર મોડી રાત્રિએ એક ગાયને કોઈ વાહનની ટક્કર વાગવાથી ઘાયલ થઈને ચાલુ વરસાદમાં રોડ સાઈડના ખાડાના પાણીમાં ખૂંપેલી જોઈ હતી. રાત્રીનો સમય અને ચાલુ વરસાદ હોવા છતાં તેમણે જીવદયા પ્રેમી ગૌરક્ષકોનો સંપર્ક કરી તેમની સાથે રહીને ગાયને ખાડામાંથી બહાર કઢાવી સારવાર અપાવી હતી. નિર્દોષ અને અબોલ જીવો પ્રત્યેના આ મહિલા તબીબના દયાભાવ તથા અનુકંપાભર્યા અભિગમને સોસાયટીના રહીશો બિરદાવી રહ્યા છે.